## નવસારીમાં વિનાશક પૂરથી કૃષિ, ઝીંગા ઉછેર અને લઘુ ઉદ્યોગોને કરોડોનું નુકસાન




# પૂરથી નવસારીની અર્થવ્યવસ્થાને ફટકો

**જિલ્લામાં** 20 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ડાંગર, શેરડી અને બાગાયતી પાકને નુકસાન

**હીરા** તથા જીઆઈડીસીના એકમોમાં કામકાજ ઠપ થતાં અસરગ્રસ્તોને સહાય જાહેર કરાઈ

નવસારીઃ તાજેતરમાં આવેલા વિનાશક પૂર અને અવિરત વરસાદે નવસારી જિલ્લાના કૃષિ, જળકૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રને ભારે નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લામાં ખેતીથી લઈને ઝીંગા ઉછેર અને લઘુ ઉદ્યોગો સુધી દરેક ક્ષેત્ર પર પૂરનો સીધો પ્રભાવ જોવા મળ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ જિલ્લામાં 20 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ઉભા પાકને નુકસાન થયું છે, જ્યારે આશરે 1,500 હેક્ટર વિસ્તારમાં આવેલા ઝીંગા ઉછેરના તળાવો ધોવાઈ જતાં જળકૃષિ સાથે સંકળાયેલા ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનું માનવામાં આવે છે.

પૂરના પાણી લાંબા સમય સુધી ખેતરોમાં ભરાઈ રહેતાં ડાંગર, શેરડી, શાકભાજી, કેળા સહિતના બાગાયતી પાકને વ્યાપક નુકસાન થયું છે. અનેક વિસ્તારોમાં પાક સંપૂર્ણપણે બગડી જતાં ખેડૂતો સામે ફરી વાવણી અને આર્થિક સંકટનો પડકાર ઉભો થયો છે. કૃષિ વિભાગ દ્વારા તાલુકાવાર નુકસાનીનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને સરકારને વિગતવાર અહેવાલ મોકલવાની કામગીરી ચાલી રહી છે.

જળકૃષિ ક્ષેત્રમાં પણ ભારે અસર જોવા મળી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા આશરે 1,500 હેક્ટરના ઝીંગા ઉછેરના તળાવો પૂરના પાણીમાં ધોવાઈ જતાં તૈયાર ઝીંગા પાણીમાં વહી ગયા હતા. તળાવોના પાળા તૂટી જતાં અનેક ઉત્પાદકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે અને ઉત્પાદન ફરી શરૂ કરવામાં સમય લાગવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બીજી તરફ નવસારીના લઘુ ઉદ્યોગો પણ પૂરની અસરથી બચી શક્યા નથી. નવસારી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હરિશભાઈ મંગલાણીએ જણાવ્યું હતું કે વિજલપોર ઉદ્યોગનગર, શાંતાદેવી વિસ્તારના હીરા ઉદ્યોગો તેમજ હાઈવે પર આવેલા જીઆઈડીસી વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અનેક ઔદ્યોગિક એકમોમાં કામકાજ દિવસો સુધી ખોરવાયું હતું. કર્મચારીઓ કામ પર પહોંચી શક્યા નહોતા, જેના કારણે ઉત્પાદન પર સીધી અસર પડી હતી અને ઉદ્યોગકારોને નોંધપાત્ર આર્થિક નુકસાન થયું છે.

### જિલ્લામાં પૂર બાદ પુનઃસ્થાપનની પ્રક્રિયા શરૂ

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે અસરગ્રસ્ત લઘુ ઉદ્યોગોને રાહત આપવા માટે રૂ. 1 લાખ સુધીની સહાય જાહેર કરી છે અને તે માટે સર્વેની કામગીરી શરૂ થઈ ગઈ છે. બીજી તરફ કૃષિ અને જળકૃષિ ક્ષેત્રે થયેલા નુકસાનનું પણ મૂલ્યાંકન ચાલી રહ્યું છે, જેથી નિયમો મુજબ અસરગ્રસ્ત ખેડૂતો અને ઉત્પાદકોને સહાય મળી શકે. જિલ્લામાં પૂર બાદ પુનઃસ્થાપનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ ખેતી, ઝીંગા ઉછેર અને ઉદ્યોગોને થયેલા વ્યાપક નુકસાનના કારણે જિલ્લાની અર્થવ્યવસ્થાને ફરી ગતિ પકડવામાં હજુ સમય લાગશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.




### ભયાનક પૂરની સ્થિતિ માટે ડેમના પાળા કારણભૂત હોવાની ચર્ચા

# કાવેરી નદીના ટાઇડલ ડેમ અને પાળા બન્યા અભિશાપ

**બીલીમોરા** અને આસપાસના વિસ્તારોમાં ડૂબાણનું મોટું સંકટ, લોકોનો રોષ આસમાને

**ટાઇડલ** ડેમ અને ૨૫ ફૂટથી વધુ ઊંચાઈના રક્ષણાત્મક પાળાઓને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું જોખમ વધ્યું

### સામાન્ય વરસાદમાં પણ ૩ થી ૪ ફૂટ પાણી ભરાઈ જાય છે

ડેમ અને પાળાઓના કારણે પરિસ્થિતિ એટલી વિકટ બની છે કે સામાન્ય વરસાદમાં પણ ૩ થી ૪ ફૂટ પાણી ભરાઈ જાય છે. તાજેતરમાં આવેલા પૂર દરમિયાન તો અનેક ઘરોમાં ૭ થી ૧૨ ફૂટ સુધી પાણી ફરી વળતા લોકોના ઘરવખરી અને મિલકતોને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીના પાકને પણ મોટો ફટકો પડ્યો છે. બીજી તરફ ડ્રેનેજ વિભાગે પાળાઓનું સમારકામ હાથ ધર્યું હતું. જમનાનગર પાસે શહેરનું કાવેરી નદીમાં પાણી જતું નથી. પરંતુ ત્યાંથી કાવેરી નદીનું પાણી દબાણ સાથે ઓરિયમોરા તરફ વહે છે. તે શહેરમાં ફરી વળે છે. આ ઉલટો પ્રવાહ રોકવા પાળાનું સમારકામ જરૂરી છે.અને આ સમસ્યાનો ગંભીરાતાથી ઉકેલ લાવવાની તાત્કાલિક જરૂરત છે.

બીલીમોરા : બીલીમોરા નજીક વાઘરેચ ગામે કાવેરી નદી પર બની રહેલા ટાઇડલ ડેમ અને તેના રક્ષણાત્મક પાળાઓ સ્થાનિક નીચાણવાળા વિસ્તારો માટે વરદાનને બદલે શ્રાપ સાબિત થઈ રહ્યા છે. જેને પગલે મંગળવારે સ્થાનિક રહીશો દ્વારા પાલિકા સમક્ષ આ પાળાઓની નીતિ અને પૂર નિયંત્રણ અંગે યોગ્ય ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.

વાઘરેચ અને ગોંયદી-ભાઠલા સાઈડ નદીની બંને બાજુએ ૨૫ ફૂટથી વધુ ઊંચાઈના વિશાળ પાળાઓ બનાવવામાં આવ્યા છે. આ પાળાઓને કારણે અમુક ચોક્કસ ગામોને પૂર સામે રક્ષણ જરૂર મળ્યું છે, પરંતુ સામે પક્ષે બીલીમોરા શહેર અને આસપાસના નીચાણવાળા વિસ્તારો માટે ડૂબાણનું મોટું સંકટ ઊભું થયું છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૦૦ વર્ષના ઇતિહાસમાં આ વિસ્તારમાં ક્યારેય ઘરોમાં ૨ ફૂટથી વધુ પાણી પ્રવેશ્યા નહોતા. પરંતુ નદીના કુદરતી પ્રવાહ વિરુદ્ધ બનાવાયેલા આ ઊંચા પાળાઓને લીધે, નદીમાં પાણીનું સ્તર વધતાં જ પાણી અત્યંત વેગથી નીચાણવાળા વિસ્તારો તરફ વળે છે.

જ્યાં પાળા પૂરા થાય છે તે બીલીમોરા જમનાનગર સોસાયટી આગળથી નદીનું પાણી સૌથી પહેલાં ગાબડું પાડીને શહેરમાં પ્રવેશે છે. જેમાં જમનાનગર, શિવ શક્તિ, ચાંદની ચોક, શ્યામ નગર, રત્નાકર સોસાયટી અને શાંતિનગર ટાઉનશીપ મોખરે છે. વાઘરેચ નાઇકીવાડ, શામલા ફળિયા, મેમણ કોલોની, કુંભારવાડ, નાળિયેરી ચાલ, ઓરીયા મોરિયા, બાંગીયા ફળિયા તથા ભાઠા ફળિયા, રામજી મંદિર વિસ્તાર (દેસરા), દેસરા ભાઠા ફળિયા, ઉંડાચ ગામના અનેક ફળીયા, નજીકના ઘેકટી તેમજ કાવેરી-ખરેરા નદીના વિસ્તારો પ્રભાવિત થઈ રહ્યાં છે.

# હાઇસ્પીડ કોરિડોર માટે જમીન સંપાદનનો ગ્રામજનોનો વિરોધ

**સમરોલી** અને ખૂંધ ગામે યોજાયેલી ગ્રામસભામાં વળતર, પુનર્વસન અને રોજગારીના પ્રશ્ને ઉગ્ર વિરોધ નોંધાતા ઠરાવ કરાયો



### ફ્લાય ઓવરબ્રિજનો પણ વિરોધ કરવામાં આવ્યો

ખૂંધમાં પણ સરપંચ હર્ષદ પવારની અધ્યક્ષતામાં યોજાયેલી ગ્રામસભામાં વળતર સહિતના મુદ્દે પ્રશ્નનો મારો ચલાવી કોલેજ સર્કલ પાસે ફ્લાય ઓવરબ્રિજનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. અને આ ગામમાં પણ ઉપરોક્ત કોરિડોરમાં જમીન સંપાદન સામે ગ્રામજનોમાં વિરોધના સુર ઉઠ્યા હતા.

ઘેજ: બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઇ હાઇસ્પીડ કોરિડોરમાં જમીન સંપાદન સામે ગામેગામ વિરોધનાસૂર ઉઠી રહ્યા છે. સમરોલી ગામે વિદ્યાકુંજ પ્રાથમિક શાળામાં સરપંચ શીલાબેન મંગુભાઈ તળાવિયા, તાલુકા સભ્ય મુકુંદભાઈ તલાટી અને રૂપમતીબેનની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી.

શરૂઆતમાં માર્ગ અને મકાન વિભાગના નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રસ્તાની મધ્યથી બંને તરફ ૧૫-૧૫ મીટર એટલે કે કુલ ૩૦ મીટરની જરૂરિયાત છે, જેમાં હાલ ૨૦ મીટર જગ્યા ઉપલબ્ધ હોવાથી બંને તરફ પાંચ-પાંચ મીટર જમીન સંપાદિત કરવાની થાય છે અને તેની મંજૂરી માટે આ સભા યોજાઈ છે.

બાદમાં ગ્રામજનોએ અગાઉના વળતરનો રેકોર્ડ માંગતા પ્રતિનિધિએ રેકોર્ડ ન હોવાનું જણાવ્યું હતું. ગ્રામજનોએ નાંદરખામાં બુલેટ ટ્રેનના પિલરની નડતર, નકશો અને વિસ્થાપિતોના પુનર્વસન અંગે વેધક પ્રશ્નો પૂછ્યા હતા. જો કે, માર્ગ-મકાન અને મહેસૂલ વિભાગના ટેકનિકલ સ્ટાફની ગેરહાજરીથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો. સભાના અંતે જમીન સંપાદનનો વિરોધ કરતો ઠરાવ કરાયો હતો, કારણ કે આનાથી અનેક લોકો ઘરવિહોણા થવા ઉપરાંત રોજગારી ગુમાવશે.

# વલસાડની બેંક સાથે 15 લાખની કાર લોનનું કૌભાંડ આચરાયું

**બોગસ** દસ્તાવેજો બનાવી કાર વેચી દેનાર શખ્સ સામે ગુનો દાખલ

**આરોપીએ** લોન લઈ RTOમાં બેંકનો બોજો દર્શાવ્યા વગર જ ગાડી અન્યને વેચી દીધી

વલસાડઃ વલસાડની SBPP કો-ઓપરેટિવ બેંક સાથે 15 લાખ રૂપિયાની કાર લોન મેળવી કૌભાંડ આચરવાનો મામલો સામે આવ્યો છે. વલસાડના મહે ગામના રહેવાસી યશ રશ્મિકભાઈ પટેલે જાન્યુઆરી 2024માં બેંકની હાલર રોડ શાખામાંથી ટાટા નેક્સોન કાર માટે 15 લાખની લોન લીધી હતી. બેંકે શો-રૂમમાં નાણાં ચૂકવ્યા બાદ આરોપીએ RTOમાં કારનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, પરંતુ તેમાં બેંકનો 'હાઈપોથેકેશન' (બોજો) દર્શાવ્યો ન હતો.

આરોપીએ RTO સ્ક્રીન રિપોર્ટ અને ટેક્સ ઈનવોઈસમાં ચેડાં કરી બેંકની એન્ટ્રીઓ જાતે ઉમેરી બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા અને તે બેંકમાં સાચા તરીકે રજૂ કર્યા હતા. શરૂઆતમાં 4 મહિના સુધી 31,138 રૂપિયાના માસિક હપ્તા ભર્યા બાદ જુલાઈ 2024થી હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બેંકે તપાસ કરતાં ખુલાસો થયો હતો કે આરોપીએ લોન ચૂકવ્યા વગર જ કાર અન્ય ત્રાહિત વ્યક્તિને વેચી મારી છે.

આ ગંભીર છેતરપિંડી અને વિશ્વાસઘાત બદલ બેંકના ડેપ્યુટી મેનેજર યોગેશ મગનલાલ ભગતના માધ્યમથી વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી યશ પટેલ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બનાવટી દસ્તાવેજો ઊભા કરવા અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# વાંસદાના રામજી મંદિરના જીર્ણોદ્ધાર માટે ઉપવાસ શરૂ

**અતિ** પ્રાચીન મંદિરના જીર્ણોદ્ધારમાં વિલંબ થતાં કાર્યકરો મરણાંત ઉપવાસ પર ઉતર્યા

**તંત્રની** સમજાવટ બાદ આંદોલન સમેટાયું




### ખાતમુહૂર્ત પછી પણ કામ શરૂ નહીં થતાં ભક્તોમાં રોષ

મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત થયા બાદ પણ મંદિરના જીર્ણોદ્ધારનું કામ હજુ સુધી સરકારની મંજૂરીના બહાને અટવાયેલું રહેતાં સ્થાનિક ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભક્તોનું કહેવું છે કે વર્ષોથી માત્ર ખાતરીઓ અને પત્રવ્યવહાર થઈ રહ્યા છે, જ્યારે જમીન પર કોઈ કામગીરી દેખાતી નથી. હવે વધુ આશ્વાસન નહીં, પરંતુ મંદિરના જીર્ણોદ્ધારનું કામ તાત્કાલિક શરૂ થાય તેવી જોરદાર માંગ ઉઠી રહી છે.

વાંસદાઃ વાંસદા તાલુકાના ઉનાઈ ગામે આવેલ શ્રી ઉનાઈ માતાજી મંદિરની બાજુના અતિ પ્રાચીન શ્રી મુછાળા રામજી મંદિરના જીર્ણોદ્ધારનું કામ લાંબા સમયથી શરૂ ન થતાં, હિન્દુ યુવા સંગઠનના કાર્યકરોએ મંગળવારે મરણાંત ઉપવાસ શરૂ કર્યા હતા. આ આંદોલનની જાણ થતાં જ મામલતદાર મિત મોદી અને પીઆઈ જે.વી. ચાવડા સહિતના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચીને કાર્યકરો સાથે ચર્ચા કરી હતી.

દક્ષિણ ગુજરાતના આ આસ્થાના કેન્દ્રના જીર્ણોદ્ધાર માટે અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જોકે, મહિનાઓ વીતી જવા છતાં કામ શરૂ ન થતાં ભક્તોમાં ભારે અસંતોષ ફેલાયો છે. અગાઉના ઉપવાસ વખતે ત્રણ મહિનામાં કામગીરી શરૂ કરવાની ખાતરી અપાઈ હતી, પરંતુ સમય મર્યાદા પૂરી થવા છતાં કોઈ પ્રગતિ ન થતાં કાર્યકરો ફરી ઉપવાસ પર બેઠા હતા.

મામલતદારે જણાવ્યું હતું કે, ફેઝ-૨ની દરખાસ્ત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ મારફતે સરકારને મોકલવામાં આવી છે અને મંજૂરી મળ્યા બાદ કામ શરૂ થશે. અધિકારીઓની સમજાવટથી કાર્યકરોએ હાલ ઉપવાસ સમેટ્યા છે, પરંતુ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં કામ શરૂ નહીં થાય તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની જવાબદારી સરકારની રહેશે.

# નવસારી મનપાએ વોર્ડવાઈઝ એન્જિનિયરિંગ સિસ્ટમ અમલમાં મૂકી

**નવસારી** મનપાએ ૧૩ વોર્ડ માટે ૧૩ મદદનીશ એન્જિનિયરોની નિમણૂક કરી

### સુરત અને અમદાવાદના મોડેલ પર આધારિત પારદર્શી વ્યવસ્થા

મનપા દ્વારા અમલમાં મુકાયેલી આ નવી વ્યવસ્થા સુરત અને અમદાવાદ મહાનગરપાલિકાની વોર્ડવાઇઝ એન્જિનિયરિંગ સિસ્ટમના મોડેલ પરથી તૈયાર કરવામાં આવી હોવાનું જણાવાયું છે. સ્થાનિક કોર્પોરેટરો મારફતે મળતી ફરિયાદો પણ સીધી સંબંધિત એન્જિનિયર સુધી પહોંચાડવામાં આવશે, જેથી નાગરિકોને વારંવાર કચેરીઓના ચક્કર લગાવવાની જરૂર ન પડે અને સમસ્યાઓનો ઝડપથી ઉકેલ આવી શકે.

નવસારીઃ શહેરમાં રસ્તા, સફાઈ, ગટર, ગંદકી, સ્ટ્રીટલાઈટ સહિતની નાગરિક સુવિધાઓને લગતી ફરિયાદોના ઝડપી અને જવાબદાર નિકાલ માટે નવસારી મહાનગરપાલિકાએ નવી વોર્ડ આધારિત એન્જિનિયરિંગ વ્યવસ્થા શરૂ કરી છે. આ વ્યવસ્થાના અમલથી હવે દરેક વોર્ડ માટે એક જવાબદાર અધિકારી ઉપલબ્ધ રહેશે.

બાંધકામ સમિતિના ચેરમેન સુનિલ લાંજેવારે જણાવ્યું કે, શહેરના 13 વોર્ડમાં 13 મદદનીશ એન્જિનિયરોની નિમણૂક કરવામાં આવી છે. નાગરિકો સમસ્યા અંગે સીધા જ સંબંધિત એન્જિનિયર અથવા વોર્ડના નગરસેવકનો સંપર્ક કરી શકશે, જેના કારણે ફરિયાદોના નિકાલમાં ઝડપ અને પારદર્શિતા આવશે. વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે આ તમામ મદદનીશ એન્જિનિયરોની કામગીરી પર દેખરેખ રાખવા ત્રણ ચીફ એન્જિનિયરોની જવાબદારી નક્કી કરવામાં આવી છે. તેઓ નિયમિત મોનિટરિંગ કરી ફરિયાદોના સમયસર નિકાલની સમીક્ષા કરશે.

# સાપુતારામાં તા.૮મી ઓગસ્ટથી 'મોન્સૂન ફેસ્ટિવલ'નો પ્રારંભ

**ડાંગ** કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક અને આયોજનની સમીક્ષા કરવામાં આવી




સાપુતારા : સાપુતારા ખાતે પ્રવાસનની સાથે સાથે, સ્થાનિક રોજગારીને વધુને વધુ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી પ્રતિવર્ષ ચોમાસાની ઋતુમાં યોજાતા 'મેઘ મલ્હાર પર્વ' નો ૨૦૨૬ નો ઉદ્ઘાટન સમારંભ સંભવિત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આગામી તા.૮ ઓગસ્ટના રોજ આયોજિત કરાયો છે. ગુજરાત સરકારનાં પ્રવાસન વિકાસ નિગમ દ્વારા આયોજિત આ કાર્યક્રમના આયોજન સંદર્ભે ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારના અધ્યક્ષ સ્થાને એક મહત્વની બેઠક યોજાઇ હતી. જેમાં કલેક્ટરે વિવિધ વિભાગોના અધિકારીઓને, સંબંધિત કાર્યક્રમની આનુષાંગિક કામગીરીથી અવગત કર્યા હતા. સાથે આ કાર્યક્રમને અનુલક્ષી તેનુ સુચારૂ આયોજન ઘડી કાઢવા સૌ લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓને આનુષંગિક કામગીરીની ફાળવણી કરી હતી. આ દરમિયાન મહાનુભાવ માટે હેલીપેડ તૈયાર કરવા, ક્રાયક્રમના સ્થળે ડોમ/મંડપ/સ્ટેજ અને બેઠક વ્યવસ્થા, કાયદો વ્યવસ્થાની કામગીરી, વાહન પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની કામગીરી, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્યની ટીમો, સફાઈ સેનીટેશન અને આંતરીક રસ્તા મરામત વિગેરેની કામગીરી બાબતે સંબધિત અધિકારીઓને જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવાં સૂચના આપી હતી. દરમિયાન પ્રવાસન વિભાગના મેનેજીંગ ડિરેક્ટર ડો.વિપિન ગર્ગે પણ ઓનલાઈન બેઠક યોજી સ્થાનિક અધિકારીઓને કાર્યક્રમના આયોજન સંદર્ભે માર્ગદર્શિત કર્યાં હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદાર ડો.મયુર પરમાર, પ્રાંત અધિકારી યુ.વી.પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# છરવાડાના ફ્લેટમાંથી ચોરી કરનાર 2 ઝડપાયા

વાપી : વાપીના છરવાડા ખાતે રહેતા ત્રિલોકકુમારના બંધ મકાનનું તાળું તોડી તસ્કરો રૂ. 50 હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ત્રિલોકકુમારે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ પ્રકરણમાં પોલીસે સીસીટીવી ફૂટેજો મેળવી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પીએસઆઈ કે.આર.ચોટલીયાને મળેલી બાતમીના આધારે ચોરીના ગુનામાં સંડોવાયેલ મોહમદ શાહનવાઝ રજીહસન શેખ (ઉં.20, રહે. છીરી, ગાલામસાલા, વાપી) તથા તસ્લીમ ઉર્ફે ગોટા નસીમ ખાન (ઉં.21, મૂળ યુપી, હાલ રહે. છીરી, ક્રિષ્નાપાર્ક)ને વાપી ડુંગરાથી ઝડપી પાડ્યા હતા અને તેઓએ ફ્લેટમાંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. પકડાયેલ મોહમદ શાહનવાઝ સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં 2 અને તસ્લીમ સામે 3 ગુનાઓ નોંધાયેલા હતાં. પોલીસે બે મોબાઈલ ફોન અને રોકડા 28 હજાર કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકામાં છૂટોછવાયો વરસાદ

**મેઘમહેરથી** નવસારીનું વાતાવરણ ખુશનુમા, તાપમાન 31.4 ડિગ્રી

નવસારીઃ નવસારી જિલ્લામાં વરસાદી માહોલ ફરી જામતા હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા કેન્દ્રના તાજા અહેવાલ મુજબ જિલ્લામાં આજે મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 25.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સવારે હવામાં 94 ટકા ભેજ નોંધાતા વાતાવરણમાં ભારે ભેજ અને ઉકળાટ અનુભવાયો હતો, જ્યારે સાંજ સુધીમાં ભેજનું પ્રમાણ ઘટીને 74 ટકા રહ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 6.1 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા વરસાદી વાતાવરણને વધુ વેગ મળ્યો હતો. જિલ્લાના ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકામાં છૂટોછવાયો વરસાદ નોંધાતા ખેતીવાડી વિસ્તારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને ડાંગર અને અન્ય ખરીફ પાક માટે આ વરસાદ આશીર્વાદ સમાન માનવામાં આવી રહ્યો છે. વરસાદના કારણે જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહેતાં પાકના વિકાસને ગતિ મળશે તેવી ખેડૂતોને આશા છે. બીજી તરફ વરસાદના કારણે ઉકળાટમાંથી લોકોને નોંધપાત્ર રાહત મળી છે.


